

પંજાબના ગુરદાસપુરમાં ત્રાસવાદી હુમલો Page-6

સુવિચાર : ઇશ્વરનું ઇ-મેઇલ એડ્રેસ શોધવું હોય તો બાળકની આંખોમાં ઝાંખીને જોવું પડે - જીવન શિક્ષણ

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૧૩૮ | ૨૮ જુલાઇ, ૨૦૧૫, મંગળવાર ; અષાઢ સુદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# પૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. અબ્દુલ કલામનું નિધન



## પૂર્વ રાષ્ટ્રપતિ અને મિસાઈલ મેન ડો. અબ્દુલ કલામ શિલોંગ ખાતે કાર્યક્રમમાં ઢળી પડતાં આઈ.સી.સી.યુ.માં ખસેડાયા હતા અને ત્યાં જ તેમને મૃત્યુ પામેલા જાહેર કરાયા હતા- ભારત સરકારે ૭ દિવસનો રાષ્ટ્રીય શોક જાહેર કર્યો : દેશના રાજકીય આગેવાનો અને જાહેર જીવનના મોભીઓ દ્વારા ભાવભીની અંજલિ : વતન રામેશ્વરમ્‌માં અંતિમ સંસ્કાર કરાશે

ગાંધીનગર, તા. ૨૭

પૂર્વ રાષ્ટ્રપતિ એ.પી.જે. અબ્દુલ કલામનું મોડી રાત્રે શિલોંગ ખાતે દુઃખદ અવસાન થયું છે. શિલોંગમાં એક સમારોહ દરમ્યાન તેઓ ઢળી પડતાં સારવાર માટે આઈસીસીયુમાં દાખલ કરાયા હતા જયાં તેમનું અવસાન થયાનું તબીબોએ જાહેર કર્યું હતું.

ભારત સરકારે ૭ દિવસનો રાષ્ટ્રીય શોક જાહેર કર્યો છે. તેમના પાર્થિવ દેહને દિલ્હી લાવવામાં આવી રહ્યો છે.

અબ્દુલ કલામ યાને ''મિસાઈલ મેન'' તરીકે જાણીતા હતા. તેમણે દેશના રાષ્ટ્રપતિ તરીકે વિજ્ઞાનને વધુ પ્રાધાન્ય આપી યુવાનોને ઉત્સાહિત કર્યા હતા. રાષ્ટ્રપતિ પદે તેમણે આપેલી સેવાઓને આ દેશ ક્યારેય વિસરી શકશે નહિ.

ભારતરત્નથી તેમને સન્માનિત કરવામાં આવ્યા હતા. વૈજ્ઞાનિક તરીકે વિશ્વભરમાં તેમની આગવી ઓળખ હતી. એમની આત્મકથા આજે પણ બાળકોમાં સૌથી લોકપ્રિય છે. ડૉ. અબ્દુલ કલામને વૈશ્વીક સન્માન પણ મળ્યા હતા. માછીમાર કુટુંબમાં જન્મી અને રાષ્ટ્રપતિ પદે પહોંચેલા ડૉ. કલામની સાદગી સૌને સ્પર્શતી હતી.

પૂર્વ વડાપ્રધાન શ્રી અટલ બિહારી બાજપાઈએ તેમની રાષ્ટ્રપતિ તરીકે પસંદગી કરી હતી. ડૉ. કલામ એ રાજનેતા કરાતાં વૈજ્ઞાનિક તરીકે વધુ જાણીતા હતા. તેમનો વિજ્ઞાન પ્રેમ ક્યારેય છુપો રહ્યો ન હતો.

મિસાઈલ મેન તરીકે જાણીતા પૂર્વ રાષ્ટ્રપતિ અબ્દુલ કલામ દેશના ૧૧મા રાષ્ટ્રપતિ હતા. ૧૫ ઓક્ટો. ૧૯૩૧ના રોજ રામેશ્વરમ્ ખાતે જન્મ થયો હતો.

કવિ, લેખક અને વૈજ્ઞાનિક તરીકે આગવી ઓળખ ઉભી કરનાર ડૉ. કલામે ''પોખરણમાં અણુ પરીક્ષણ'' જે કર્યું હતું તેમાં સૌથી અહમ્ ભૂમિકા ભજવી હતી.

ઈન્ડિયન ઈન્સ્ટીટ્યૂટ ઓફ અમદાવાદ, શિલોંગ સાથે તેઓ છેક છેલ્લી ઘડી સુધી જોડાયેલા રહ્યા હતા. તેઓ ૮મુપ્રવચન આપવા શિલોંગ ગયા હતા.

૨૦૦૨ થી ૨૦૦૭ સુધી રાષ્ટ્રપતિ પદે રહ્યા હતા. તેમણે રાષ્ટ્રપતિ પદ છોડ્યા પછી ૩૦૦ જેટલા જાહેર પ્રવચનો કરી યુવા મિશનની ભ્રષ્ટાચાર મુક્તિ અને શિક્ષણની એક જ્યોત જગાવી હતી.

### સિદ્ધીઓનું સરવૈયું....

- અબ્દુલ કલામ ભૌતિક વિજ્ઞાન અને એરોસ્પેશમાં એન્જિનિયરિંગમાં અભ્યાસ કરીને આગળ વધ્યા હતા
- ચાર દશક સુધી વૈજ્ઞાનિક અને સાયન્સ એડમિનિસ્ટ્રેટર તરીકે રહ્યા હતા
- ડીઆરડીઓ અને ઈસરોમાં જોડાયેલા રહ્યા હતા
- ભારતના નાગરીક અંતરીક્ષ કાર્યક્રમ અને લશ્કરી મિસાઈલ વિકાસમાં સામેલ રહ્યા હતા
- બેલાસ્ટીક મિસાઈલના વિકાસમાં કામગિરી બદલ મિસાઈલ મેન તરીકે જાણીતા થયા હતા
- ૧૯૯૮માં ભારતના પોખરણ-૨ પરમાણુ પરિક્ષણમાં મહત્વપૂર્ણ ભૂમિકા હતી
- ૨૦૦૨માં ભારતના રાષ્ટ્રપતિ તરીકે ભાજપ અને કોંગ્રેસના ટેકાથી ચુંટાયા હતા
- દેશના સૌથી સર્વોચ્ચ નાગરીક સન્માન ભારત રત્નથી પણ સન્માનિત કરાયા હતા

### ડો. અબ્દુલ કલામની જીવનયાત્રા

| | | |
|---|---|---|
| નામ | : | અબ્દુલ કલામ |
| જન્મ તારીખ | : | ૧૫મી ઓક્ટોબર, ૧૯૩૧ |
| હાલની વય | : | ૮૩ |
| જન્મ સ્થળ | : | રામેશ્વરમ, તમિલનાડુ |
| મૃત્યુ તારીખ | : | ૨૭મી જુલાઈ ૨૦૧૫ |
| મૃત્યુ સ્થળ | : | સિલોંગ, મેઘાલય |
| નાગરીક્તા | : | ભારતીય |
| શિક્ષણ | : | સેન્ટ જોસેફ કોલેજ, તિરુપિચારુપલ્લી |
| પ્રોફેશન | : | પ્રોફેસર, લેખક, એરોસ્પેશ વૈજ્ઞાનિક |
| ધર્મ | : | ઈસ્લામ |
| રાષ્ટ્રપતિપદનો ગાળો | : | ૨૫મી જુલાઈ ૨૦૦૨ ૨૫ જુલાઈ ૨૦૦૭ |
| વડાપ્રધાન | : | અટલ બિહારી વાજપેયી, મનમોહનસિંહ |
| ઉપરાષ્ટ્રપતિ | : | કૃષ્ણકાંત, ભૈરવસિંહ |
| પૂર્વગામી | : | કેઆર નારાયણન |
| અનુગામી | : | પ્રતિભા પાટિલ |

# ગાંધીનગર જિલ્લાના ૯૦ ગામોમાં તલાટી જ નથી !!

## પંચાયતના વિસ્તાર પછી કેડર રિવ્યુ થયો નથી : તાલુકા વિકાસ અધિકારીથી લઈ પટાવાળા સુધીની ખાલી જગ્યાએ તંત્રને ખોખલુ બનાવ્યું છે

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર જિલ્લાના ૯૦ ગામોમાં આજે તલાટીની જગ્યા ખાલી છે તેમજ જે તલાટીઓ હાલ ફરજ બજાવે છે તેમની પાસેથી ૪ થી ૫ ગામનો ચાર્જ છે અને તેની સીધી અસરો ગ્રામીણ વહીવટીતંત્ર પર પડી રહી છે.

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં ત્રણ તાલુકાઓના ઉમેરા પછી કેડર રિવ્યુ થવો જોઈએ તે થયો નથી. આ ઉપરાંત ૨૦ ટકા કાપને લઈ જગ્યાઓ ખાલી પડેલી છે તે પણ ત્રણ વર્ષ કરતાં વધુ સમય થતાં આપોઆપ રદ થવા પામી છે.

તલાટી કમ મંત્રીની જે જગ્યાઓ ખાલી છે તેના ઉપરાંત પંચાયતમાં ચીટનીસ, તાલુકા વિકાસ અધિકારી, નાયબ ચિટનીસ, સિનીયર ક્લાર્ક, જુ. ક્લાર્કની પણ જગ્યાઓ ખાલી પડી છે.

ગતિશીલ ગુજરાતમાં વહીવટીતંત્રને લોકાભિમુખ બનાવાવ પર ભાર મુકવામાં આવ્યો છે પરંતુ વાસ્તવમાં ખાલી પડેલી જગ્યાઓ અને તેને લઈ પ્રશ્નો તંત્રમાં જે રીતે અટવાયેલા પડ્યા છે તેનાથી લોકોમાં નારાજગી વધી રહી છે.

તાજેતરમાં ગ્રામસભા અભિયાનમાં પણ ઓછી હાજરી ગ્રામીણ વિસ્તારમાં પ્રવર્તતી નારાજગીનો સૌથી મોટો પુરાવો છે.

મળતી વિગતો મુજબ નાયબ ચીટનીસ કેડરની ૧૦ થી વધુ જગ્યાઓ ખાલી છે. આ ઉપરાંત સિનીયર ક્લાર્કની પણ ૧૦ થી વધુ જગ્યાઓ તો જુનિયર ક્લાર્કની ૪૦ થી વધુ જગ્યાઓ ખાલી છે.

તલાટી સંવર્ગની ૬૭ જગ્યાઓ ખાલી પડી છે. આ ઉપરાંત આ સંવર્ગમાં અન્ય જગ્યાઓ પણ ખાલી છે.

● અનુસંધાન પાન-૭ પર

# આજે શહેરના બાકીના ૬૮ પ્લોટની ઈ-હરાજી યોજાશે

## સવારે ૯.૩૦ વાગે પ્રક્રિયા શરૂ થશે : સાતથી ૮ પ્લોટમાં હરાજી સંપન્ન કરવામાં આવશે : હરાજી માટે તંત્ર સજ્જ

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર શહેરના ૬૮ પ્લોટની આજે ઈ. હરાજી યોજાશે. જે માટે તંત્ર દ્વારા સંપૂર્ણ તૈયારી કરી દેવામાં આવી છે.

ગાંધીનગર શહેરની ઈ. હરાજીના બીજા તબક્કામાં હરાજીનો આરંભ સવારે ૯.૩૦ કલાકે થશે અને સાંજે ૭ વાગ્યા સુધી ચાલશે. તંત્રએ આ વખતે પ્લોટની હરાજી માટે ૭ થી ૮ સ્લોટ બનાવ્યા છે.

પ્લોટોની બીજા તબક્કાની હરાજી હાથ ધરતાં પહેલાં અગાઉ એક પ્લોટોના સ્લોટમાં હરાજીનો સમય જે વધવો જોઈએ તે વધ્યો નહિ હોવાની ફરિયાદ પછી તપાસ કરતાં તથ્ય જણાતાં તે પ્લોટોની હરાજી જ્યાં અટકી હતી ત્યાંથી શરૂ થશે અને ૧૦ મિનિટ્સમાં જ આ હરાજી પૂર્ણ કરી નવી હરાજીની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

ગાંધીનગર શહેરમાં બીજીવાર યોજાઈ રહેલ હરાજીમાં ૪૫ પ્લોટો એવા છે જેમાં પહેલીવાર કોઈ બીડર ના આવતાં રદ થયા હતા જ્યારે ૧૪ પ્લોટોની હરાજી જિલ્લા કલેક્ટરે રદ કરી હતી.

આ વખતે પ્લોટોની હરાજીને લઈ ભારે ગુપ્તતા તંત્ર દ્વારા રાખવામાં આવી રહી છે. જો કે પ્લોટોની હરાજી પહેલાં કેટલા સ્લોટમાં બિડરો નથી મળ્યા તેની વિગતો અંગે પણ તંત્ર સંપૂર્ણ મૌન સેવી રહ્યું છે.

બિનસત્તાવાર સૂત્રોમાંથી મળતી વિગતો મુજબ ૧૫થી વધુ પ્લોટોમાં પણ આ વખતે બિડરો નહિ મળ્યા હોવાનું મનાઈ રહ્યું છે.

આ બીજી વખતની હરાજીમાં તંત્રને સારી કિંમત મળવાની આશા છે. આ વખતે વાણિજ્યના પ્લોટો અને રહેણાંકના પ્લોટોની કિંમત કેવી મળે છે તેના પર સૌની નજર મંડાયેલી છે.

બીજીવાર યોજવામાં આવી રહેલી હરાજીમાં ગુપ્તતા બિડરોની જળવાઈ રહે તે માટે તંત્રએ ડ્રોપ બોક્સ પ્રથા અપનાવી હતી. આ ડ્રોપ બોક્સમાં ૧૩૦ જેટલા બિડરોએ તેમના કવરો નાખ્યા હતા. તંત્ર દ્વારા તમામ તૈયારીઓ પૂર્ણ કરી લેવામાં આવી છે. સવારે ૯.૩૦ વાગે હરાજીની પ્રક્રિયા શરૂ થઈ જશે.

# શહેરમાં વરસાદી હેલી





(તસવીર : દિપક જાની)

## છેલ્લા ચોવીસ કલાકમાં વધુ પાંચ ઈંચ વરસાદ પડતાં મોસમનો કુલ વરસાદ ૧૫ ઈંચ પર પહોંચ્યો : જનજીવન પર વર્તાતી અસર શાળા-કોલેજો અને કચેરીઓમાં પાંખી હાજરી

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગરમાં સતત બીજા દિવસે ધોધમાર વરસાદ પડ્યો હતો. સોમવારે વહેલી સવારથી જ મેઘરાજાની ધુંવાધાર બેટીંગના કારણે શહેરમાં ઠેર ઠેર પાણી ભરાઈ ગયા હતા. ઓફીસ શરૂ થવાના સમયે જ ધોધમાર વરસાદ વરસવો શરૂ થતાં કર્મચારીઓ અટવાયા હતા. વરસાદના કારણે પીકઅવર્સમાં માર્ગો પર ટ્રાફીક જામના દર્શો જોવા મળ્યા હતા. છેલ્લા ૨૪ કલાક દરમ્યાન શહેરમાં પાંચ ઈંચ જેટલો વરસાદ વરસ્યો હતો. મોસમનો કુલ વરસાદ ૧૫ ઈંચ જેટલો નોંધાયો છે.

સોમવારે શહેરમાં જાણે બારે મેઘ ખાંગા થયા હોય તેવા દશ્યો સર્જાયા હતા. રવિવારે સારો એવો વરસાદ પડ્યા બાદ સોમવારે મેઘરાજા જોરદાર બેટીંગના મુડમાં આવી ગયા હતા. વરસાદ વરસતો નથી તેવી શહેરીજનોની ફરીયાદને જાણે એક જ દિવસમાં મીટાવી દેવી હોય તેવી અદાથી મેઘરાજાએ સોમવારે આખો દિવસ તોફાની બેટીંગ કરી હતી. ગરમી, બફારો, તડકો જેવા શબ્દોનો છેદ ઉડાડી દેતા હોય તેમ મેઘરાજાએ આખો દિવસ ધોધમાર વરસી શહેરના વાતાવરણને આહલાદક બનાવી દીધુ હતુ.

સોમવારે વહેલી સવારે જ એકધારો વરસાદ પડવો શરૂ થઈ ગયો હતો. સવારની સ્કૂલના બાળકો વરસાદમાં અટવાયા હતા. ઘણા સ્થળોએ પાણી ભરાતા કેટલાક

● અનુસંધાન પાન-૭ પર

### ચોમાસુ ધરી ગુજરાત પર સ્થિર થતા રાજ્યમાં ચોમાસુ જામ્યુ

ચોમાસુ ધરી ગુજરાત પર સરકી હોવાના કારણોસર સમગ્ર ગુજરાતમાં હાલમાં ભારેથી અતિભારે વરસાદ વરસી રહ્યો છે. એક લૉ પ્રેશર સિસ્ટમ બંગાળના અખાત ઉપરથી સરકીને પશ્ચિમ મધ્યપ્રદેશ અને પૂર્વ રાજસ્થાન ઉપર સ્થિત થયેલી છે. જ્યારે અરબી સમુદ્ર પરથી સૌરાષ્ટ્ર-કચ્છ ઉપર અપરએર સાયક્લોનિક સરક્યુલેશનની એક વિશાળ સિસ્ટમ આકાર પામી છે. આ સિસ્ટમની અસર સૌરાષ્ટ્ર, કચ્છમાં ભારે વરસાદની ચેતવણી આપવામાં આવી છે.

હવામાન વૈજ્ઞાનિકોએ સેટેલાઈટ તસવીરોના આધારે જણાવ્યું છે કે આ સાયક્લોનિક સરક્યુલેશનની સિસ્ટમ અરબી સમુદ્ર ઉપરથી ગુજરાત તરફ સરકી છે. જેની અસર હેઠળ ભાવનગર, અમરેલી, જૂનાગઢ, ગીર-સોમનાથ, પોરબંદર અને જામનગર સહિત સૌરાષ્ટ્રનો લગભગ બધો વિસ્તાર આવી જાય છે. આ સિસ્ટમ ધીમી ગતિએ આગળ વધી રહી છે. જેની અસર હેઠળ ગુજરાતમાં ભારે વરસાદ પડી શકે છે.

# જિલ્લામાં ૩ દિવસમાં મોસમનો ૩૦ ટકા વરસાદ

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર જિલ્લામાં છેલ્લા ત્રણ દિવસ દરમ્યાન સિઝનના સરેરાશ વરસાદનો ત્રીસ ટકા જેટલો વરસાદ નોંધાયો છે અને અનરાધાર પડી રહેલા વરસાદથી જિલ્લામાં ખેડૂતો ફેર રોપણીના પાકોના વાવેતરમાં મશગુલ બન્યા છે.

| | સવારે ૮ વાગ્યા સુધીનો કુલ વરસાદ | સવારે ૮થી સાંજના પાંચ સુધીનો વરસાદ |
|---|---|---|
| દહેગામ | ૩૪૮ મી.મી. | ૩૭ મી.મી. |
| ગાંધીનગર | ૨૩૦ મી.મી. | ૫૨ મી.મી. |
| કલોલ | ૨૫ મી.મી. | ૩૬ મી.મી. |
| માણસા | ૩૬૬ મી.મી. | ૩૨ મી.મી. |
| કુલ | ૧૧૯૮ મી.મી. | ૧૫૭ મી.મી. |

જિલ્લામાં અત્યાર સુધીમાં સિઝનના સરેરાશ વરસાદનો ૪૦ ટકા વરસાદ થઈ ચુક્યો છે.

### માણસામાં સૌથી વધુ વરસાદ નોંધાયો : જિલ્લામાં સાર્વત્રિક વરસાદથી ખેડૂતો ફેર રોપણીના પાકોની વાવણીમાં વ્યસ્ત

શનિવારથી જિલ્લામાં વરસાદના બીજા રાઉન્ડનો થયેલો આરંભ આજે પણ અનરાધાર રહેવા પામ્યો છે. વરસાદને કારણે જનજીવન પર પણ તેની ભારે અસરો જોવા મળી રહી છે.

ખેડૂતો આ અમીધારા જેવા વરસાદથી એકદમ ખુશહાલ નજરે પડી રહ્યા છે અને ફેર રોપણીના પાકો જેવા કે ડાંગર, વરિયાળી, મરચી,

● અનુસંધાન પાન-૭ પર

### મગોડી પાસે વૃક્ષ પડતાં ૪૦ મિનિટ ટ્રાફિક જામ

ગાંધીનગર, તા. ૨૭

દહેગામ-ગાંધીનગર માર્ગ પર આવેલી મગોડી ગામે આજે સાંજના સુમારે એક વૃક્ષ રોડ પર પડી જતાં ટ્રાફિક ૪૦ મિનિટ સુધી જામ થઈ જવા પામ્યો હતો. ગ્રામજનોએ ભારે મહેનતે ઝાડ હટાવતાં ટ્રાફિક પુનઃ ધમધમતો થયો હતો.